# સે. ૨૩ 'જ-૨' કક્ષામાં ગટર ઉભરાતા વસાહતીઓ હેરાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩, જ-૨ કક્ષાના આવાસના કોમન પ્લોટમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાય છે. આ ગટરના ગંદા પાણીના ખાબોચીયા ભરાતા સ્થાનિક નાગરીકો પરેશાન થઈ ગયા છે. ગંદા પાણીમાંથી પસાર થવા નાગરીકો મજબુર બન્યા છે. જ્યારે ગંદકીને પગલે મચ્છરોના ઉપદ્રવને પગલે સ્થાનિક વસાહતીઓના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે.

શહેરના સે. ૨૩, જ-૨ આવાસમાં કોમન પ્લોટમાં તેમજ સ્થાનિક વસાહતીઓના નિવાસ્થાને ગટર ઉભરાવવાની ફરિયાદો દિન પ્રતિદિન વધવા લાગી છે. સ્થાનિકો દ્વારા તંત્રને વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા હજુ સુધી ગટર ઉભરાવવાનો પ્રશ્ન હલ થયો નથી. મચ્છરોના ત્રાસથી નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી. સે. ૨૩માં ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઉભરાતી ગટરોની વચ્ચે નાગરીકો રહેવા મજબુર બન્યા છે. તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી ગંદા ગટરના વહેતા પાણી બંધ થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે સુજલામ્ સુફલામ જળસંચય યોજના અંતર્ગત નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ચગોળા તળાવની મુલાકાત લઈ કામગીરી નિહાળી હતી. આ ઉપરાંત એક તળાવની ખાતવિધિ કરી હતી જેની તસવીર. તસવીરમાં પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ અને જિલ્લાના અન્ય અધિકારીઓ નજરે પડે છે.




મહાત્મા મંદિર ખાતે યોજાયેલ એજ્યુ. એક્સ્પોમાં મેલેરિયા તંત્ર દ્વારા ઉભા કરાયેલ સ્ટોલની રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘે મુલાકાત લીધી હતી તે તસવીર.

# નવી-જુની ટેકનોલોજીના ઉપકરણો જોઈને બાળકોમાં અનેરો ઉત્સાહ

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ'ની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૧

આજે ગુજરાત કાઉન્સિલ 'ઓન સાયન્સ્ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ સાયન્સ સેન્ટર ટેકનોલોજી દિવસ'ની ઉજવણીના ભાગરૂપે નવી અને જુની ટેકનોલોજીનો વિવિધ સાધનોનું પ્રદર્શન અને તેની ટેકનીકલ સમજનું આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ જે જુની ટેકનોલોજીના સંગીતના સાધનો જેવા કે ગ્રામોફોન રેકોર્ડ બનાવવામાં આવી હતી. તેમજ તાપર પદ્ધતિની ટેકનોલોજી એટલે વીસીડી, ડીવીડી અને અત્યારનું લેટેસ્ટ આઈ-પોડનુ પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. તેવી ટેકનીકલ સમજ પણ આપવામાં આવી હતી. જુના બુશ રેડિયોથી માંડીને અત્યારના લેટેસ્ટ ફીસ્ટલ રેડિયો પણ બતાવવામાં આવ્યા હતા.

જુના ફિલ્મ પટ્ટી વાળા પ્રોજેક્ટર પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યા હતા. અત્યારના લેટેસ્ટ એલ.સી.ડી. પ્રોજેક્ટર અને નવી ટેકનોલોજી વિશે પણ માહિતી આપવામાં આવી હતી. જુના સ્લાઈડ પ્રોજેક્ટર, ઓવર હેડ પ્રોજેક્ટર દ્વારા કઈ રીતે ફિલ્મ બતાવવામાં આવતી તેનુ નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

સંદેશા વ્યવહાર માટે કયા સાધનો તેમજ પેજર, ડાયલટ ટેલીફોન, જુના મોબાઈલ ફોન અને અત્યારના લેટેસ્ટ મોબાઈલ ફોન પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યા હતા. તેવી જ રીતે જુના મોટા બ્લેક એન્ડ વાઈટ ટી.વી., કલર ટીવી, એલસીડી, એલઈડી ટીવી પણ વિદ્યાર્થીઓને દેખાડવામાં આવ્યા હતા. જુના સમયના કેમેરા અને વિડીયોગ્રાફી માટેના હેન્ડી, જુની વિડીયો કેસેટ અને અત્યારના લેટેસ્ટ ડી.એસ.એલ.આર. કેમેરાનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નવી અને જૂની ટેકનોલોજીના વિવિધ સાધનોની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. તેમજ ટેકનોલોજીના ઉપયોગથી દેશનો વિકાસ કેવી રીતે ઝડપી બને છે તેની ચર્ચા કરી હતી. ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને તેના વાલીઓએ આ પ્રદર્શન નિહાળ્યુ હતુ. કાયક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# દિવ્યાંગ બાળકોનો આત્મવિશ્વાસ તેમના જીવનનું પ્રેરકબળ : રાજ્યપાલ

સમાજમાં દિવ્યાંગ બાળકો-વિદ્યાર્થીઓમાં રહેલો આત્મવિશ્વાસ-ઉત્સાહ જ તેમના જીવનમાં સફળતા માટેનું સૌથી મોટું પ્રેરક બળ છે, આપણે સૌએ તેનું સન્માન કરવું જોઈએ તેમ આજે ગાંધીનગર ખાતે દિવ્યાંગ બાળકો માટેના 'આકાંક્ષા-ચલો કરે કુછ ખાસ' થીમ અંતર્ગત યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ સમાજમાં દરેક દિવ્યાંગ બાળકો નિયમિત શાળાએ જઈ શકતા નથી, તેવા બાળકોની કારકિર્દી માટે રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષા સંસ્થાન સાચા અર્થમાં આશીર્વાદ સમાન છે. દિવ્યાંગ બાળકો એનઆઈઓએસના માધ્યમથી પોતાની આકાંક્ષા-સપનાને પાંખો આપી ઉડાન ભરે છે. એનઆઈઓએસના માધ્યમથી સમગ્ર દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૮ લાખ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે જે એક અદભૂત સિદ્ધિ છે. કૃત્રિમ પગ વડે એવરેસ્ટ સર કરનાર દિકરી ડૉ. અરુણિમા સિંહા અને પ્રજ્ઞાચક્ષુ મહાન કવિ સંત સૂરદાસનું ઉદાહરણ આપી રાજ્યપાલશ્રીએ કે, દિવ્યાંગ બાળકોમાં કોઈ એક ખામીની સામે અન્ય ક્ષમતા વિશેષ હોય છે જેના બળ પર તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તેમની આંતરિક શક્તિ જ તેમને સફળતા અપાવે છે.

એનઆઈઓએસ અને સી.એસ.આર. હેઠળ જે.કે. લક્ષ્મી સિમેન્ટના સંયુકત ઉપક્રમે ઈન્ફોસિટી ગાંધીનગર ખાતે યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના 'આકાંક્ષા' કાર્યક્રમમાં અલ્હાબાદ, બેંગલુરૂ, ભોપાલ, ચંદીગઢ, ચેન્નઈ, દિલ્હી, ધર્મશાલા, ગુવાહાટ્ટી, હૈદરાબાદ, જયપુર, કોચી, પટણા, કોલકત્તા, પૂના, રાયપુર, રાંચી, વિશાખાપટ્ટનમ અને દહેરાદૂન ખાતે આવેલા વિવિધ રાજ્યોના પ્રાદેશિક એનઆઈઓએસ સેન્ટરના કુલ ૨૧ દિવ્યાંગ બાળકોએ 'ચલો કરે કુછ ખાસ'ની થીમ પર અલગ અલગ આબેહૂબ અને હૃદયસ્પર્શી કૃતિઓ રજૂ કરી હતી. આ બદલ રાજ્યપાલશ્રીના હસ્તે તમામ બાળકોને સ્મૃતિચિન્હ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા.

# મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિતે લોકડાયરો યોજાયો

ભારતના વીર સપૂત મહારાણા પ્રતાપની જન્મ જયંતિ નિમિતે રાજપૂત સમાજ ગાંધીનગર અને સંગીત નાટક અકાદમી ગુજરાત રાજય દ્વારા લોકડાયરો યોજાયો હતો. શહેરના ક-૭ શિવાલય પાર્ટી પ્લોટ ખાતે આયોજીત ડાયરામાં રાજપૂત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં એકત્ર થયા હતા. આ લોકડાયરાના સુંદર પ્રસંગે મહાનુભાવોના હસ્તે રાજપૂત સમાજ ગાંધીનગરની વેબસાઈટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સાહિત્યિક લોક ડાયરામાં રાજકીય આગેવાનો સહિત રાજપૂત સમાજના સંગઠનોના હોદેદારો હાજર રહ્યા હતા.

# મીઠાની લીઝ રિન્યૂ કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરતી ગાઈડ લાઈન બહાર પડાશે

મીઠાની લીઝ રીન્યુ કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા તૈયાર કરી સંબંધિત જિલ્લા કલેકટરોને તે અંગેની સૂચના મોકલવામાં આવી રહી છે. મીઠા ઉત્પાદનની જમીનનો ભાડાપટ્ટો તાજો કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા બહાર પડયા બાદ આ અંગેની સ્પષ્ટતા થતાં સાનૂકુળતા રહેશે તેવી લાગણી ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના હોદેદારોએ મીઠા ઉદ્યોગપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને મહેસૂલપ્રધાન કૌશિક પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વ્યકત કરી હતી. મીઠા જમીન પરનો ભાડાપટ્ટો ૩૦ વર્ષ માટે તાજો કરવાનો અગાઉ જે નિર્ણય લેવાયો છે. ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના મીઠા ઉદ્યોગને લગતાં પ્રશ્નો અને તેના ઉકેલ માટે ગાંધીનગરમાં એસોસિએશનના હોદેદારોની બેઠક બોલાવી હતી.

# પાણીનો દુર્વ્યય અટકાવવા સ્વચ્છતા મોબાઈલ એપનો ઉપયોગ કરો

## વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરાનુ જળસંચય માટે અનોખુ સૂચન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં સ્વચ્છતા માટે મહાનગરપાલિકા દ્વારા મોબાઈલ એપ કાર્યરત છે. આ મોબાઈલ એપનો ઉપયોગ પ્રવર્તમાન જળસંકટમાં પાણી બચાવવામાં પણ અસરકારક નીવડી શકે છે તેવો આશાવાદ વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા રજૂ કરી તેનો ઉપયોગ કરવા સૂચનો કર્યા છે.

પ્રવિણાબેન વોરાના મતે સ્વચ્છતા મોબાઈલ એપ થકી ગંદકીની સમસ્યા ઉકેલવામાં સારી મદદ મળી છે તેજ રીતે જાહેર સ્થળે પાણીની પાઈપલાઈન તુટી ગયેલ હોય કે અન્ય કારણોસર પાણીનો બગાડ થતો હોય તો તે દુર્વ્યયને અટકાવવા, ખાનગી માલિકીની પાઈપલાઈન કેરટેકરની ગેરહાજરીમાં તુટી હોય તો તેનુ લોકેશન એપ પર દર્શાવી નાગરિકો ટોલ ફ્રી નંબરથી ફરિયાદ નોંધાવી શકે છે. તેમણે આ પ્રકારની સૂચના આપનાર જાગૃત નાગરિકની ઓળખ તંત્રએ ગુપ્ત રાખવાની બાંહેધરી આપવી જોઈએ. આ ઉપરાંત ઓવરહેડ પાણીની ટાંકીમાં સેન્સર કે બોલ ક્લોકની સુવિધા ઈન્સ્ટોલ કરાવવાથી પાણી ઓવરફ્લો થઈ વેડફાવાની સમસ્યા ઉકેલાઈ શકે છે તેવુ જણાવતા તેમણે ક્યાંય પણ પાણીનો બગાડ થતો હોય તો દરેકે નૈતિક અને આધ્યાત્મિક ફરજ સમજી અવાજ ઉઠાવવા અનુરોધ કર્યો છે.

# સાંપા ગામે ૭ નંગ વિદેશી દારૂની બોટલો સાથે બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

દહેગામ તાલુકાના સાંપા ગામે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે દરોડો પાડી




વિદેશી દારૂની બોટલ સાથે બુટલેગરને ઝડપી પાડયો હતો. આરોપી બુટલેગર પાસેથી રૂ. ૨૮૦૦ની કિંમતની ૭ નંગ બોટલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લામાં ચાલતી દેશી વિદેશી દારૂની પ્રવૃત્તિને નાબુદ કરવા જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવે ક્રાઈમ બ્રાન્ચને સુચના આપી હતી જેથી ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર જે.ડી. પુરોહિત તથા પોલીસ ઈન્સ્પેકટર ટી.આર. ભટ્ટની ટીમે સઘન કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ એમ.જે. શિંદે તથા યુ.આર. નલવાયા. હે.કો. જયવીરસિંહ, સંદિપકુમાર, હરેન્દ્રસિંહ દહેગામ તાલુકામાં પેટ્રોલીંગમાં હતા ત્યારે જયવીરસિંહને બાતમી મળી હતી કે સાંપા ગામે મંદિરવાળા વાસમાં રહેતા કમલેશગીરી અશોકગીરી ઉર્ફે હસમુખગીરી ગોસ્વામી વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરી રહ્યો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીસ્થળે દરોડો પાડી આરોપી બુટલેગર પાસેથી ૭ નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી. પોલીસે રૂ. ૨૮૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગલુદણ ગામે છેડાલ પરગણા રોહિત સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

છેડાલ પરગણા રોહિત સમાજ સેવાસંઘ, ગલુદણ દ્વારા આગામી ૧૩મી મે ૨૦૧૮ને રવિવારના રોજ ગલુદણ ગામે પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાશે.

ગાંધીનગર નજીકના ગલુદણ ગામે સમગ્ર અનુસુચિત જાતિના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના ૨૬ નવયુગલો અગ્નિની સાક્ષીએ લગ્નના સપ્ત ફેરા ફરી દામ્પત્ય જીવનની કેડી એ પગલા માંડશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

# ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષમાં દુકાનમાં પ્રસાદ લેવા ગયા બાદ પાર્ક કરેલ બાઈક ગાયબ

ચિલોડા, તા. ૧૧

ચિલોડા ગામમાં તપોધન બ્રાહ્મણવાસમાં રહેતા પ્રવિણભાઈ નટવરલાલ રાવલ મંગળવારે સાંજે પોણા આઠ વાગ્યે ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષમાં પોતાનું હોન્ડા ડીલક્ષ બાઈક લઈને આઠ વાગ્યે બાઈક પાર્ક કરીને કિરાણાની દુકાનમાંથી પ્રસાદ લેવા ગયા અને પ્રસાદ લઈને પરત આવતા બાઈક પાર્ક કરેલ જગ્યાએ ન જોતા માત્ર ૧૫ મિનિટમાં બાઈક ગાયબ થઈ ગયુ હતુ. બાઈક અંગે શોધખોળ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન લાગતા ચિલોડા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી.



## સિવિલમાં રકતદાન શિબિર યોજાઈ

સમગ્ર વિશ્વભરમાં તા.૧૨ મે ના દિવસને નર્સિંગ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે નર્સિંગ ડે ની ઉજવણીના ભાગરુપે આજરોજ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ફરજ બજાવતા કર્મચારી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું. સવારે યોજાયેલ રકતદાન શિબિરમાં લેબોરેટરી ખાતે દર્દીઓની સહાયઅર્થે ૨૫ થી વધુ બોટલ રકત જમા કરાવ્યું હતું.

# ગુજરાતનો એચઆઈવી મુકત બનાવવાનો નિર્ધાર : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, એચ.આઈ.વી.ને ડામવા માટે વિશ્વ કક્ષાની સાત સંસ્થાઓ અને ગુજરાત સરકાર દ્વારા યુ.બી.આર.એ.એફ. ના પાયલોટ પ્રોજેક્ટ થકી ગુજરાતને એચ.આઈ.વી. મુક્ત બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. જનજાગૃતિ થકી જેમ પોલીયો મુક્ત ભારતનું નિર્માણ થયું છે તે જ રીતે એચ.આઈ.વી. મુકત ભારત નિર્માણમાં પણ ગુજરાત અગ્રીમ ભૂમિકા દાખવશે.

યુ.એન.એઈડ્સ અને ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા એચ.આઈ.વી/એઈડ્સ નિયંત્રણને સુદ્રઢ કરવા માટેના પાયલોટ પ્રોજેકટ યુ.બી.આર.એ.એફનો ગાંધીનગર ખાતેથી રાજયવ્યાપી શુભારંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉમેર્યું હતું કે, માનવજાતિ અનેક રોગો સામે લડી રહી છે. સમગ્ર વિશ્વમાં માનવજાતિના સારા સ્વાસ્થ્ય માટે અનેક કાર્યક્રમો અમલમાં છે. જેમ આપણે સમગ્ર દેશમાં પોલિયો વિરોધી ઝુંબેશ ચલાવી પોલિયો મુક્ત દેશ બનાવ્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશને ટી.બી. મુક્ત બનાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કોઈ પણ રોગ સામેની ઝુંબેશમાં લોકોને તે રોગ માટેની સાચી માહિતી મળી રહે તે માટે લોક જાગૃતિના કાર્યક્રમ પણ મહત્વની ભૂમિકા અદા કરે છે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ હોવાથી ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય અને અન્ય રાજયમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગારી અર્થે ગુજરાતમાં આવે છે. જેથી ગુજરાતમાં એક લાખથી વધુ લોકો એચ.આઈ.વી સંભવિત દર્દીઓ હોવાનું માલૂમ પડ્યુ છે. આ રોગથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઘટી જવાથી દર્દીનું મૃત્યૃ થતું હોય છે, પણ હવે, આ રોગનો સામનો કરી શકે તેવી દવા ઉપલબ્ધ હોવાથી આ રોગના દર્દીઓ લાંબુ જીવતા થયા છે. એચ.આઈ.વી. છે કે નહિ તેનો ટેસ્ટ રાજ્યમાં માત્ર ૪ રૂપિયાના ખર્ચેથી થઈ શકે છે.




ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો અને કેટલાક આંતરીક માર્ગો પર આડેધડ પડેલા ટ્રાફિક નિયંત્રણ માટેના બેરિકેટ વારંવાર નાના-મોટા અકસ્માતનું અને ટ્રાફિક જામ થવાનું કારણ બની રહ્યા છે. ટ્રાફિક પોલીસ આંદોલન, ટ્રાફિક નિયંત્રણ કે રસ્તા રોકવા માટે બેરિકેટ આડસરૂપે મુકે છે. પરંતુ બાદમાં બેરિકેટ જે તે સ્થિતિમાં જ મુકી રાખે છે. પરિણામે રાત્રિના સમયે કયાંકને કયાંક વાહન અથડાવવાના બનાવો પણ બની રહ્યા છે. ટ્રાફિક પોલીસ અસ્તવ્યસ્ત પડેલા બેરિકેટ યોગ્ય રીતે યોગ્ય જગ્યાએ ખસેડે તે જરુરી છે.